**અમદાવાદ (ગ્રામ્ય) ના બીજા એડી. સીની. સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડી.મેજી.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

**ક્રિમિનલ કેસ નં. ૮૨૭૩/૨૦૧૯**

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : ઈન્દીરાબેન વા/ઓફ અમરસિંગ ગફુલભાઈ ચુનારા

**ગુનો : ગુજરાત પ્રોહી. એકટની કલમ – ૬૬(બી), ૬૫(એ)(એ)મુજબ**

(૧) સદરહું કામના આરોપી વિરૂધ્ધ ગુજરાત **પ્રોહી. એકટની કલમ – ૬૬(બી), ૬૫(એ)(એ)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી તેઓ સામે પ્લી લેતા આરોપી એ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપી એ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપી એ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અં ગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–:: હુકમ::–**

સદર કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત **પ્રોહી. એકટની કલમ – ૬૬(બી), ૬૫(એ)(એ)** ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને ગુજરાત પ્રોહી. એકટની કલમ: **૬૬(બી), ૬૫(એ)(એ)** મુજબના ગુન્હા માટે **આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને રૂા. ૧૦૦/–** (અંકે રૂા. સો પુરા પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન–ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતીમા દર્શાવેલ મુદામાલ માલીકીની યોગ્ય ખરાઈ કરી મુળ માલીકને પરત સોપવાનો હુકમ કરવામા આવે છે તેમજ બાકીના મુદામાલનો નિયમ અનુસાર નાશ કરવો.

**આ હુકમ આજ રોજ તા. ૨૨ મી, માહે: જુન , સને: ૨૦૨૪ ના રોજ જાહેર કર્યો.**

તારીખ: ૨૨/૦૬/૨૦૨૪
સ્થળ: અમદાવાદ (ગ્રામ્ય)

**( જે.એ.બક્ષી)**
બીજા એડી.સીની.સીવીલ જજ
અને એડી.ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા